પાર્લે પોઇન્ટના વેપારી સાથે રૂપિયા ૩૦.૮૯ લાખની છેતરપિંડી

બિહારના વેપારીઓએ લાખોનો માલ મંગાવી પાર્ટ પેમેન્ટ કરી ફોન ઉપાડવાના બંધ કરી દીધા

સુરતઃ પાર્લે પોઇન્ટ વિસ્તારમાં રહેતા અને રિંગ રોડ અનમોલ માર્કેટના સાડીના વેપારી પાસેથી બિહારના પિતા-પુત્રો સહિત ચાર વેપારીઓએ વિશ્વાસ કેળવી રૂ. ૩૦,૮૯,૦૩૭/- ની કિંમતની સાડીઓનો માલ મંગાવી લઈ પેમેન્ટ ન ચૂકવી ઠગાઈ આચર્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.

પાર્લે પોઇન્ટ ખાતે રુદ્રાજ એપાર્ટમેન્ટમાં રહેતા ૨૬ વર્ષીય નિહાર રાજેશકુમાર બંસલ રિંગ રોડ અનમોલ માર્કેટમાં દુકાન નં. ૨૩૭ થી ૨૪૦ માં "સ્વાસ્તિક ટ્રેડિંગ" નામે સાડીનો હોલસેલ વેપાર કરે છે. વર્ષ ૨૦૨૩માં બિહારના ગયા ખાતે 'પોદાર ક્લોથ સ્ટોર' અને 'પોદાર હોલસેલ બઝાર' નામની ફર્મ ધરાવતા વેપારીઓ બિનય પોદાર અને સંજય પોદાર નિહારભાઈની સુરતની દુકાને આવ્યા હતા. તેમણે માર્કેટના ધારાધોરણ પ્રમાણે સમયસર પેમેન્ટ ચૂકવવાનું કહ્યું હતું. ત્યારબાદ સુરતના વેપારી, તેમના સેલ્સમેન અમિતકુમાર રાવલ અને બિહારના વેપારી બિનય પોદાર, સંજય પોદાર તથા હર્ષ પોદારનું એક સંયુક્ત વોટ્સએપ ગ્રૂપ બનાવવામાં આવ્યું હતું.

આ ગ્રૂપ પરથી અલગ-અલગ સાડીના સેમ્પલો મોકલીને ઓર્ડર મેળવાતા હતા. બિનય પોદારે તેમની પાસેથી કુલ રૂ. ૧૧,૫૨,૮૫૦નો માલ મંગાવી માત્ર રૂ. ૨,૫૦,૦૦૦ ચૂકવ્યા હતા. તેવી જ રીતે રાજેન્દ્ર પ્રસાદ પોદારે ૨૬,૮૬,૧૮૭ મંગાવી રૂ. ૨૧,૮૬,૧૮૭ નહીં ચૂકવી ઠગાઇ કરી હતી. આ બાકી નીકળતા ૩૦,૮૯,૦૩૭ નહીં ચૂકવી છેતરપિંડી કરતા મામલો પોલીસ સુધી પહોંચ્યો છે.

આ વેપારીઓ સામે ગુનો નોંધાયો

(1) બિનય પોદાર (પોદાર ક્લોથ સ્ટોર ના પ્રોપરાઈટર ઠે.શેરગઠી મેન બઝાર રાણીગંજ, ગયા, બિહાર)
(2) રાજેન્દ્ર પ્રસાદ (પોદાર વોલસેલ બઝાર ના પ્રોપરાઈટર ઠે.ઉપર બઝાર રાણીગંજ ઈમામગંજ, ગયા, બિહાર)
(3) હર્ષ સંજય (પોદાર ક્લોથ સ્ટોર" તથા "પોદાર વોલસેલ બઝાર" ના વહિવટકર્તા ઠે.શેરગઠી મેન બઝાર રાણીગંજ, ગયા, બિહાર)
(4) તથા સંજય રાજેન્દ્ર પોદાર (પોદાર ક્લોથ સ્ટોર" તથા "પોદાર વોલસેલ બઝાર" ના વહિવટકર્તા ઠે.શેરગઠી મેન બઝાર રાણીગંજ,ગયા, બિહાર)

ડિગ્રીમાં પ્રવેશ માટે નર્મદ યુનિ.માં વિશેષ રાઉન્ડ

ખાલી બેઠકો ભરવા VSBC રાઉન્ડ શરૂ, 21 જુલાઈ સુધી રજિસ્ટ્રેશન અને એડિટિંગની તક

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં સ્નાતક અભ્યાસક્રમોની ખાલી બેઠકો ભરવા માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસ (જી-કાસ) દ્વારા વેકેન્ટ સીટ બેઝ્ડ કાઉન્સેલિંગ (VSBC) રાઉન્ડ શરૂ કરવામાં આવ્યો છે. આ વિશેષ પ્રવેશ પ્રક્રિયા હેઠળ જે વિદ્યાર્થીઓ હજુ સુધી પ્રવેશ મેળવી શક્યા નથી, તેમને વધુ એક તક આપવામાં આવી છે. વિદ્યાર્થીઓ 23 જુલાઈ સુધી પ્રવેશ મેળવી શકશે.

વિવિધ અભ્યાસક્રમોમાં અત્યાર સુધીમાં 88,601 અરજી થઇ હતી. જેમાંથી 86,901 વિદ્યાર્થીઓએ કોલેજ અને કોર્સની પસંદગી નોંધાવી હતી. અત્યાર સુધીમાં 58,166 વિદ્યાર્થીઓએ પોતાનો પ્રવેશ કન્ફર્મ કરાવ્યો છે. ખાલી રહેલી બેઠકો ભરવા માટે જી-કાસ દ્વારા નવું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે. 21 જુલાઈ સુધી વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરી શકશે તેમજ પોતાની અરજીમાં જરૂરી સુધારા (એડિટિંગ) પણ કરી શકશે. ત્યારબાદ જે વિદ્યાર્થીઓને કોલેજ તરફથી પ્રવેશ ઓફર મળશે તેઓ 23 જુલાઈ સુધી સંબંધિત કોલેજમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી શકશે. જી-કાસના જણાવ્યા મુજબ, મેરિટ યાદી તૈયાર કરવાની જવાબદારી સંબંધિત યુનિવર્સિટી અને કોલેજોની રહેશે. વિદ્યાર્થીઓએ પોતાના લોગ-ઇન ડેશબોર્ડ પર સતત નજર રાખીને પ્રવેશ ઓફર ચેક કરવાની રહેશે. પ્રવેશ કન્ફર્મ કરવા માટે વિદ્યાર્થીઓએ અસલ દસ્તાવેજોની ચકાસણી માટે કોલેજમાં રૂબરૂ હાજર રહેવું ફરજિયાત રહેશે. સાથે જ ઓનલાઈન મળેલી ઓફર દરમિયાન રજિસ્ટર્ડ મોબાઇલ નંબર પર મળતો ઓટીપી કોલેજમાં આપવો પણ અનિવાર્ય રહેશે. જી-કાસે વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની મૂંઝવણ હોય તો પોર્ટલ પર દર્શાવેલા હેલ્પલાઈન નંબરનો સંપર્ક કરવા જણાવ્યું છે. ઉપરાંત, ખાલી બેઠકોની વિગતો દર 6 કલાકે અપડેટ થતી હોવાથી વિદ્યાર્થીઓને નિયમિતપણે પોર્ટલ તપાસવાની સલાહ આપવામાં આવી છે.

સુરત જિ.પં.ની સમિતિના નવા અધ્યક્ષોએ પદભાર સંભાળ્યો

શુભેચ્છા આપવા કાર્યકરો, સભ્યો અને આગેવાનોની ઊમટી ભીડ

સુરતઃ સુરત જિલ્લા પંચાયતની પ્રથમ સામાન્ય સભામાં વિવિધ સ્થાયી સમિતિઓના અધ્યક્ષ તરીકે થયેલી નિમણૂકો બાદ આજે તમામ નવનિયુક્ત અધ્યક્ષોએ સત્તાવાર રીતે પોતાનો પદભાર સંભાળ્યો હતો.

પદભાર સંભાળ્યા બાદ તમામ અધ્યક્ષોએ પોતાની-પોતાની સમિતિના કાર્યને વધુ અસરકારક અને પારદર્શક રીતે આગળ વધારવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. જિલ્લા પંચાયતના વિકાસલક્ષી કાર્યોને વધુ ગતિ આપવા તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં લોકોને મળતી સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે ટીમવર્ક સાથે કામગીરી કરવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરવામાં આવી હતી.

પદભાર સંભાળનાર સમિતિના અધ્યક્ષો

- કારોબારી સમિતિ : બ્રિજેશ પટેલ
- જાહેર આરોગ્ય સમિતિ : નૈષધ રાઠોડ
- જાહેર બાંધકામ સમિતિ : નિરવ લાડ
- શિક્ષણ સમિતિ : હાર્દિક પટેલ
- સામાજિક ન્યાય સમિતિ : હેમંત પટેલ
- ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિ : સુનિતા વસાવા
- મહિલા અને બાળ વિકાસ તથા યુવા પ્રવૃત્તિઓ સમિતિ : જ્યોતિ ચૌધરી
- હળપતિ અને ખેત મજૂરીના ગૃહ નિર્માણ સમિતિ : અરવિંદ રાઠોડ
- અપીલ સમિતિ : સમીર મોદી

નીટની તૈયારી કરતી સગીરા પર દુષ્કર્મ આચરનાર યુવક જેલભેગો

સંબંધ તોડતાં પરિવારને મારી નાંખવાની અને હાથની નસ કાપી લેવાની ધમકી

સુરતઃ લિંબાયતમાં રહેતી અને હાલ નીટની પરીક્ષાની તૈયારી કરતી 17 વર્ષીય સગીરાને લગ્ન કરવાની લાલચ આપી અવારનવાર દુષ્કર્મ આચરનાર યુવક સામે લિંબાયત પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી જેલભેગો કર્યો છે.

લિંબાયતમાં રહેતો કૈફ આસીફ શેખ (ઉ.વ. 21)એ તેની જ સોસાયટીમાં રહેતી સગીરાને એપ્રિલ-2024થી જુલાઈ-2026 દરમિયાન પ્રેમજાળમાં ફસાવી હતી. કૈફે સગીરાને લગ્નની લાલચ આપીને તેની મરજી વિરુદ્ધ અવારનવાર જબરજસ્તીથી શારીરિક સંબંધો બાંધ્યા હતા. તે સગીરાને કહેતો હતો કે, તું અત્યારે આ વાત કોઈને ના કહેતી, તું ૧૮ વર્ષની થઈ જઈશ એટલે તને ભગાડીને કોર્ટ મેરેજ કરી લઈશ.

જ્યારે પીડિતાએ તેની સાથે શારીરિક સંબંધ બાંધવાની ના પાડી, ત્યારે આરોપી પોતાની અસલી હેવાનીયત પર ઉતરી આવ્યો હતો. તેણે સગીરાને ડરાવતા ધમકી આપી હતી કે, જો તું મારી સાથે લગ્ન નહીં કરે તો હું તારા આખા ખાનદાનને જાનથી મારી નાખીશ. જો હું જેલમાં જઈશ તો પણ કોઈ માણસ મોકલીને તને મરવાવી દઈશ.

સબંધ તોડી નાખતા હાથની નસ કાપી મરવાની ધમકી આપી

આરોપીના ત્રાસ અને ધમકીઓથી કંટાળીને સગીરાએ કૈફ સાથે વાત કરવાનું અને મળવાનું બંધ કરી દીધું હતું. આથી ઉશ્કેરાયેલા કૈફે સગીરા પર દબાણ લાવવા માટે નવો પેતરો અજમાવ્યો હતો અને ધમકી આપી હતી કે, જો તું મને મળવા નહીં આવે તો હું મારા હાથની નસ કાપીને મરી જઈશ. આરોપીના આવા સતત શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને આખરે સગીરાના પરિવારે ન્યાય માટે પોલીસના દ્વાર ખખડાવ્યા હતા.

પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની દુષ્કર્મ, ધમકી સહિતની વિવિધ કલમો તેમજ પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપી કૈફ આસીફ શેખને ઝડપી પાડયો છે.

બાંદ્રા ટર્મિનસ - આઝમગઢ વચ્ચે દોડાવાશે સ્પેશિયલ ટ્રેન

સુરતઃ પશ્ચિમ રેલવે દ્વારા બાંદ્રા ટર્મિનસ અને આઝમગઢ વચ્ચે વિશેષ ભાડા પર એક વીકલી સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેન સંખ્યા ૦૫૧૮૪ બાંદ્રા ટર્મિનસ - આઝમગઢ સ્પેશિયલ દર સોમવારે બાંદ્રા ટર્મિનસથી સવારે ૧૦:૪૫ કલાકે પ્રસ્થાન કરશે અને બુધવારે મધ્યરાત્રિએ ૦૦:૨૫ કલાકે આઝમગઢ પહોંચશે. આ ટ્રેન ૨૦ જુલાઈ, ૨૦૨૬થી ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી ચલાવવામાં આવશે. આવી જ રીતે પરત ટ્રેન સંખ્યા ૦૫૧૮૩ આઝમગઢ - બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ દર શનિવારે આઝમગઢથી રાત્રે ૨૨:૩૦ કલાકે પ્રસ્થાન કરશે અને સોમવારે સવારે ૦૮:૧૦ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૧૮ જુલાઈ, ૨૦૨૬થી ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી દોડશે.

મુસાફરોએ વાપી સ્ટેશને ટ્રેનને અડધો કલાક થોભાવી દીધી

સ્લિપર કોચમાં લાઈટ નહીં ઉપરાંત પંખા બંધ હોવાથી ચેઈન પુલિંગ કરીને ટ્રેનને રાત્રે રોકી રાખી

વાપી : અમદાવાદથી મેંગલોર જતી સ્પેશિયલ ટ્રેનને રાત્રે વાપી રેલવે સ્ટેશન ઉપર મુસાફરોએ રોકી રાખી હંગામો મચાવ્યો હતો. સ્પેશિયલ ટ્રેનના સ્લિપર કોચમાં લાઈટ પંખા બંધ હોવાથી મુસાફરો અકળાયા હતા. મુસાફરોએ વાપી રેલવે સ્ટેશન ઉપર ટ્રેનને વારંવાર ચેઈન પુલિંગ કરીને રોકી રાખી હતી. મુસાફરોએ ટ્રેનમાં સગવડ નહીં હોવાથી ટિકિટનું રિફંડ આપવાની પણ માગ કરી હતી. જોકે આરપીએફની સમજાવટથી અડધો કલાક બાદ ટ્રેનને જે તે સ્થિતિમાં જ વાપીથી રવાના કરી હતી. પરંતુ રેલવે તંત્રની સામે મુસાફરોએ પોતાનો અસંતોષ વ્યક્ત કરીને ભારે હોબાળો મચાવ્યો હતો. કેટલાક મુસાફરોના જણાવ્યા પ્રમાણે અમદાવાદથી મેંગલોર જતી સ્પેશિયલ ટ્રેન નં. 09424 ઉપડી ત્યારથી જ સ્લિપર કોચમાં લાઈટ પંખા બંધ હતા. કેટલાક ડબ્બામાં લાઈટ ઝબુકતી હતી. ટ્રેન રવાના થઈ ત્યારથી જ મુસાફરો અકળાયા હતા. જોકે રાત્રે વધુ અકળામણ થતાં તેમજ મુસાફરોના પરિવારની સલામતીનો પણ પ્રશ્ન ઊભો થતા વાપી સ્ટેશને ટ્રેન આવી ત્યારે મુસાફરોએ ચેઈન પુલિંગ કરીને પશ્ચિમ રેલવેના અધિકારીઓને રેલવેના કોચમાં લાઈટ શરૂ થાય તેવી માગણી કરી હતી.

ધોરણ 10-12નો ગુણચકાસણી રિપોર્ટ મંગળવારથી ઓનલાઈન ઉપલબ્ધ

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જૂન-2026માં લેવાયેલી ધોરણ-10 અને 12ની પૂરક પરીક્ષાના પરિણામ બાદ ગુણચકાસણી માટે અરજી કરનારા ઉમેદવારો ગુણચકાસણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સુધારેલી વિગતો દર્શાવતો રિપોર્ટ 21 જુલાઈથી 29 જુલાઈ, 2026 દરમિયાન ઓનલાઈન ડાઉનલોડ કરી કરશે. ઉમેદવારો પોતાના સીટ નંબર, મોબાઈલ નંબર અને પાસવર્ડની મદદથી સંબંધિત વેબસાઈટ પર લોગિન કરીને ગુણચકાસણીનો રિપોર્ટ ડાઉનલોડ કરી શકશે. ધોરણ-10ના વિદ્યાર્થીઓ ssc.gseb.org અથવા www.gseb.org, ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ sci.gseb.org તથા ધોરણ-12 સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ hsc.gseb.org અથવા www.gseb.org પરથી રિપોર્ટ મેળવી શકશે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

શહેર સહિત...

હતો. ઉમરપાડા, કામરેજ, પલસાણા, મહુવા અને અંબિકા તાલુકામાં પણ આશરે અડધો ઈંચ વરસાદ નોંધાયો હતો, જ્યારે બારડોલીમાં 3 મીમી વરસાદ નોંધાયો હતો. વરસાદને પગલે ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો, કારણ કે ખેતીના પાક માટે આ વરસાદ લાભદાયી માનવામાં આવી રહ્યો છે. ધોધમાર વરસાદ બાદ વાતાવરણમાં નોંધપાત્ર ઠંડક પ્રસરી હતી.

છેલ્લા કેટલાક દિવસોથી અનુભવાતી ભારે ઉકળાટ અને ભેજભરી ગરમીમાંથી શહેરવાસીઓને રાહત મળી હતી. દિવસ દરમિયાન શહેરનું મહત્તમ તાપમાન એક ડિગ્રી ઘટીને 32 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન પણ અડધો ડિગ્રી ઘટીને 26.6 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. હવામાં 94 ટકા જેટલો ભેજ નોંધાયો હતો અને દક્ષિણ દિશાથી પ્રતિ કલાક 6 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો. હવામાન વિભાગે આગામી 21 જુલાઈ સુધી સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ અને કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. વિભાગે નાગરિકોને ભારે વરસાદ દરમિયાન બિનજરૂરી મુસાફરી ટાળવા, નીચાણવાળા વિસ્તારોમાં સાવચેતી રાખવા અને હવામાન વિભાગની સત્તાવાર આગાહીને અનુસરવા અપીલ કરી છે.

પોણો ઇંચ...

ોશ્રમિકો, વેપારીઓ અને દક્ષિણ ગુજરાત તરફ જતાં વાહનો પસાર થાય છે. પાણી ભરાવાના કારણે અનેક સ્થળોએ ટ્રાફિક જામ સર્જાયો હતો અને નોકરી-ધંધે જતા લોકો લાંબા સમય સુધી રસ્તા પર અટવાઈ પડ્યા હતા.

પરીક્ષા રદ...

જણાવ્યા મુજબ પ્રથમ પરીક્ષા રદ થતાં તે નિરાશ થઈ ગયો હતો, પરંતુ માતા-પિતાના પ્રોત્સાહન બાદ તેણે માત્ર બે દિવસના વિરામ પછી ફરી તૈયારી શરૂ કરી હતી. સમગ્ર અભ્યાસક્રમનું પુનરાવર્તન અને સતત મહેનતના પરિણામે અઘરી પરીક્ષામાં પણ તેણે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. તેની સફળતા અનેક વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બની છે.

RE-NEET...

ફેરવીને ઉત્કૃષ્ટ પરિણામો નોંધાવ્યા છે. ગુજરાતમાં કુલ 79,190 વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી, જેમાંથી 68,833 વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. તેમાંથી 38,146 વિદ્યાર્થીઓ ક્વોલિફાઇડ થયા છે. રાજ્યનો સફળતા દર 55.42 ટકા રહ્યો છે, જે ગત વર્ષના 79.19 ટકાની સરખામણીએ 23.77 ટકા ઓછો છે. ગત વર્ષે 50,040 વિદ્યાર્થીઓ ક્વોલિફાઇડ થયા હતા, જ્યારે આ વર્ષે સંખ્યા નોંધપાત્ર રીતે ઘટી છે. નિષ્ણાતોના મતે પેપર રદ થયા બાદ ફરી લેવાયેલી પરીક્ષા અને તેના કારણે સર્જાયેલા વધારાના અભ્યાસના દબાણની સીધી અસર પરિણામો પર જોવા મળી છે. શહેરની આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ, યોગી પ્રવૃત્તિ વિદ્યાલય, ધી રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલ, વસિષ્ઠ વિદ્યાલય અને મૌની ગ્રુપ ઓફ સ્કૂલનું શાનદાર પરિણામ જોવા મળ્યું છે.

EWS કેટેગરીમાં મિતાલી ભિંગરાડીયાનો દેશભરમાં 184મો રેન્ક

NEET-2026ના પરિણામમાં કતારગામની યોગી પ્રકૃતિ વિદ્યાલયની વિદ્યાર્થીની મિતાલી ભિંગરાડીયાએ 720માંથી 641 ગુણ મેળવી EWS કેટેગરીમાં સમગ્ર દેશમાં 184મો રેન્ક મેળવ્યો છે. મૂળ ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના ટીંબી ગામની વતની અને હાલ સુરતમાં રહેતી મિતાલીનું લક્ષ્ય એઇમ્સમાં એમબીબીએસનો અભ્યાસ કરીને કુશળ અને સેવાભાવી ડોક્ટર બનવાનું છે. તેણે પોતાની સફળતાનો શ્રેય માતા-પિતાના સહયોગ, શિક્ષકોના માર્ગદર્શન અને નિયમિત મહેનતને આપ્યો છે. નોંધનીય છે કે તાજેતરમાં જાહેર થયેલા ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં પણ તેણે 500માંથી 487 ગુણ સાથે શહેરમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

રત્નકલાકારના પુત્ર...

વિદ્યાલયમાં ભણતા દર્શકિ હીરા ઉદ્યોગમાં રત્નકલાકાર તરીકે કાર્યરત પિતાના સંઘર્ષમાંથી પ્રેરણા લઈને સતત મહેનત કરી આ સફળતા મેળવી છે. પરીક્ષાની તૈયારી દરમિયાન તેણે દરરોજ 6થી 7 કલાક અભ્યાસ કર્યો હતો, 100થી વધુ મોક ટેસ્ટ આપી હતી અને 20 હજારથી વધુ પ્રશ્નોની પ્રેક્ટિસ કરીને પોતાની તૈયારીને મજબૂત બનાવી હતી. તેની આ સિદ્ધિ અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે.

સ્થાપનાના 75માં...

છે. વર્ષ 2020ની ચૂંટણીમાં કોંગ્રેસ પ્રેરિત ત્રણ ઉમેદવારો વિજયી બન્યા હતા, પરંતુ આ વખતે કોંગ્રેસ એક પણ બેઠક જીતવામાં નિષ્ફળ રહી છે. ચૂંટણીમાં સૌથી ચોંકાવનારું પરિણામ મહુવા બેઠક પરથી આવ્યું, જ્યાં ભાજપના બળવાખોર અપક્ષ ઉમેદવાર ધનંજય પટેલે ભાજપના સત્તાવાર ઉમેદવાર અને પૂર્વ સુરત જિલ્લા ભાજપ મહામંત્રી જીગર દિનકરરાય નાયકને 11 મતથી પરાજય આપ્યો હતો. સુમુલની કુલ 16 બેઠકોમાંથી 7 બેઠકો અગાઉથી જ બિનહરીફ જાહેર થઈ ગઈ હતી. બાકીની 9 બેઠકો માટે મતદાન યોજાયું હતું. તેમાં પણ માત્ર બે બેઠકો પર ભાજપ વિરુદ્ધ કોંગ્રેસ અને બે બેઠકો પર ભાજપ વિરુદ્ધ ભાજપ બળવાખોર ઉમેદવારો વચ્ચે સીધી ટક્કર જોવા મળી હતી.

મહુવામાં ઢોડિયા...

કે, આ ઉમેદવારોથી સુમુલના માજી ચેરમેન માનસિંહ પટેલ અને સ્થાનિક ધારાસભ્ય મોહન ઢોડિયા નારાજ થયા હતા. આ એક માત્ર બેઠક પર ભાજપના જીગર નાયકનો 11 મતથી પરાજય થયો હતો. મતદાનના ત્રણ દિવસ અગાઉ સુરત જિલ્લા ભાજપના આગેવાનો,ધારાસભ્યોએ મહુવાની વાંસકુઈ દૂધ મંડળીમાં બેઠક યોજી હતી.પણ માનસિંહ પટેલ એ બેઠકમાં ન જતા અગ્રણીઓ તેઓના ઘરે પહોંચ્યા હતા.

2 બેઠકો...

મકાનજી ગામીતને 2 મત મળ્યાં હતા. આવી સ્થિતિ ત્યારે જ બને કે જ્યારે દરખાસ્ત મુકનાર કે ટેકો આપનાર પૈકી કોઈ એક મતદાર મત ન આપે અથવા ઉમેદવાર પોતે જ પોતાને જ મત ન આપે. આ બે બેઠકો પર આવું કેમ બન્યું હશે,એ ઉમેદવારો જ જાણતા હશે.

'જો જિગર...

છે અને જિગરભાઈ નાયકની કારમી હાર થઈ છે, ત્યારે સામાન્ય જનતા, મતદાર પ્રતિનિધિઓ અને સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોમાં એક જ પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે કે જીતુભાઈ પોતાના આપેલા વચનનું શું કરશે? સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી ચર્ચાઓ મુજબ લોકો હવે જીતુભાઈ વાંસિયા પાસે તેમના વિવિધ હોદ્દાઓ પરથી રાજીનામાની માંગ કરી રહ્યા છે. જનતા પૂછી રહી છે કે તેઓ મઢી નાગરિક બેંક, બારડોલી તાલુકા ભાજપ મહામંત્રી પદ, મઢી હાઈસ્કૂલ, બામણી હોસ્પિટલ અને સુરત ડિસ્ટ્રિક્ટ બેંક જેવી સંસ્થાઓમાં પોતાના હોદ્દા પરથી ક્યારે રાજીનામું આપશે? અથવા તો શું તેઓ જાહેરમાં માફી માંગીને પોતાના બોલેલા શબ્દો પાછા ખેંચશે? આ વિવાદ હાલમાં સમગ્ર પંથકમાં ભારે ચર્ચાસ્પદ બન્યો છે.

જૈશના વધુ...

હતા અને જેહાદી સાહિત્ય દ્વારા યુવાનોનું બ્રેઈનવોશ કરી આતંકી નેટવર્ક વિસ્તારી રહ્યા હતા. અગાઉ ઝડપાયેલા આઠ આરોપીઓ પાસેથી જૈશનો ઝંડો, મસુદ અઝહરના જેહાદી પુસ્તકો, ગુપ્ત પત્રોની નકલો અને રૂ. ૧.૩૦ લાખની રોકડ રકમ જપ્ત થયા બાદ એટીએસે ગુજરાત અને રાજસ્થાનમાં સંયુક્ત દરોડા પાડી આ પાંચેય કાવતરાખોરોને ઝડપી પાડ્યા છે.

૩૦થી ૪૦...

ચોરી ૩૦થી ૪૦ લાખ રૂપિયાની થઈ છે! પોલીસ કદાચ પોતાની નબળાઈ છૂપાવવા ગુનાનો આંકડો નાનો બતાવી રહી છે.

આ ચોરીની ઘટના પાછળ ઉધના પોલીસની ઘોર બેદરકારી અને સુસ્તી જવાબદાર હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. લાલગેટ પોલીસ મથકના સેકન્ડ પીઆઈ આર. એમ. ઠાકોરને ઉચ્ચ સ્તરે થયેલી રજૂઆતો બાદ પોલીસ કમિશનર દ્વારા આ વિસ્તારની મોટી જવાબદારી સોંપવામાં આવી હતી. ઉચ્ચ અધિકારીઓને આશા હતી કે પીઆઈ ઠાકોર ગુનાખોરી ડામશે, પરંતુ અહીં તો આખું ગણિત જ ઊંધું વળી ગયું છે. પીઆઈ ઠાકોર ઉધના વિસ્તારના સામાન્ય નાગરિકો અને વેપારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાને બદલે, પોતાના અંગત સ્વાર્થ ખાતર ઠેર-ઠેર ગેરકાયદેસર દારૂ અને જુગારધામો ધમધમાવી રહ્યા હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. ખાખીના જોરે મહિને લાખો રૂપિયાનો હપ્તો ખિસ્સામાં સરકાવવામાં મસ્ત બનેલી ઉધના પોલીસના કારણે સમગ્ર વિસ્તાર ગુનેગારો અને તસ્કરો માટે મોકળું મેદાન બની ગયો છે. હાલ ઉધના વિસ્તારમાં પીઆઈ ઠાકોરના કહેવાતા 'શાસન' હેઠળ ગુનેગારોને કોઈનો ડર રહ્યો નથી. હત્યા, હત્યાની કોશિશ, સરેઆમ મારામારી, ઘરફોડ ચોરી અને લૂંટફાટ જેવા ગંભીર ગુનાઓનો ગ્રાફ દિનપ્રતિદિન આસમાને આંબી રહ્યો છે. પરિસ્થિતિ એટલી હદે વણસી ચૂકી છે કે ઉધનામાં સૂરજ ઊગવાની સાથે જ કોઈને કોઈ ગંભીર ગુનાની હકીકત સામે આવે છે, જેના કારણે સ્થાનિક રહીશો અને વેપારીઓનો જીવ સતત તાળવે ચોંટેલો રહે છે. જો ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને ગૃહ વિભાગ દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈ તાત્કાલિક ધોરણે કડક પગલાં ભરી પીઆઈ ઠાકોર સામે તપાસ નહીં કરાય, તો ઉધના વિસ્તારને ઉત્તર પ્રદેશ (UP) જેવું ગુનાખોરીનું હબ બનતા વાર નહીં લાગે.

ભાજપ નેતા...

દારૂના સ્ટેન્ડની લડાઈમાં જય દલાલની ઘાતકી હત્યા કરાઈ, ત્યાં જ લઘુશંકા કરતા એક નિર્દોષ ઈસમ પર જીવલેણ હુમલો થયો. આ આઘાત હજુ શમ્યો નહોતો ત્યાં જ ઉધના મોરારજી વસાહતમાં વિક્કી નામના યુવકની નિર્મમ હત્યાથી સમગ્ર વિસ્તાર ધ્રુજી ઉઠ્યો છે.ઉપરાછાપરી બનેલી આ લોહિયાળ ઘટનાઓએ કાયદાના રક્ષકો સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. પીઆઇ ઠાકોરની ઢીલી અને નિષ્ક્રિય કામગીરીને કારણે આજે ગુનેગારો બેફામ બન્યા છે અને સામાન્ય જનતા ભયના ઓથાર હેઠળ જીવવા મજબૂર બની છે. ખાખીનો ખોફ ક્યાં ગાયબ થઈ ગયો છે? શું પોલીસ માત્ર તમાશો જોવા માટે જ છે? જો સુરક્ષાના દાવાઓ વચ્ચે પણ આમ નાગરિકો રસ્તા પર સુરક્ષિત ન હોય, તો આનાથી મોટી વહીવટી નાકામી બીજી કઈ હોઈ શકે? હવે જનતા કડક એક્શન અને સુરક્ષાની ગેરંટી માંગે છે, પોકળ આશ્વાસનો નહીં!

પનાસમાં 11...

સતત રડવા લાગી હતી અને ઉલટીઓ કરવા લાગી હતી. જેથી તેની માતાએ મોઢામાં હાથ નાખતા ધનશ્રી કંઈ ખાઈ ગઈ હોવાનું લાગતા તેને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. ઈએનટી વિભાગના તબીબોએ બાળકીનું એક્સ-રે કરાવતા અન્નનળીમાં ધાતુની બુટ્ટી ફસાયેલી હોવાનું સામે આવ્યું હતું. ઈએનટી વિભાગની ટીમે અદ્યતન ટેકનિકનો ઉપયોગ કરીને દૂરબીનની મદદથી ગળામાં ચીપિયો પહોંચાડ્યો અને અંદાજે 45 મિનિટમાં બુટ્ટીને સફળતાપૂર્વક બહાર કાઢી હતી. નવી સિવિલ હોસ્પિટલના તબીબોની સમયસરની સારવાર અને કુશળતાના કારણે 11 માસની બાળકી મોટી મુશ્કેલીમાંથી સુરક્ષિત બહાર આવી હતી, જે તેના પરિવાર માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે.

અનુસંધાન ... પાના પહેલાનું

બુલેટ ટ્રેનમાં...

પવન ખેડાએ પણ સરકારની ટીકા કરી છે. મુંબઈથી અમદાવાદ વચ્ચેના 508 કિલોમીટરના આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટની શરૂઆત સપ્ટેમ્બર 2017માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના પૂર્વ વડાપ્રધાન શિન્ઝો આબે દ્વારા કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ આશરે રૂ. 2 લાખ કરોડ છે, જેમાંથી લગભગ રૂ. 88 હજાર કરોડ જાપાનની સરકારી એજન્સી જેઆઈસીએ દ્વારા વાર્ષિક માત્ર 0.1 ટકાના વ્યાજે 50 વર્ષની લોન તરીકે આપવામાં આવી રહ્યા છે, જેમાં ભારતને પ્રથમ 15 વર્ષ સુધી કોઈ હપ્તો ચૂકવવો પડશે નહીં. જાપાન અત્યાર સુધીમાં આશરે રૂ. 55 હજાર કરોડ મંજૂર કરી ચૂક્યું છે અને ભારતને તકનીકી સહાય તેમજ ટ્રેનિંગ પૂરી પાડી રહ્યું છે. શરૂઆતના જમીન સંપાદનના અવરોધો પછી હવે આ પ્રોજેક્ટ ઝડપી ગતિએ આગળ વધી રહ્યો છે અને ભારત આઈસીએફ અને બીઈએમએલ દ્વારા સ્વદ